પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૧૯ | ૯ જુલાઈ, ૨૦૧૯, મંગળવાર; અષાઢ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

## ન્યુઝ ટ્રેક

### સુપ્રિમ કોર્ટમાં સીબીઆઈ ઓફિસરો મુકાશે

સુપ્રિમ કોર્ટની રજીસ્ટ્રીમાં ભ્રષ્ટાચારને રોકવા માટે સીબીઆઈ અને દિલ્હી પોલીસ પ્રતિબદ્ધ બની છે. વિવિધ કેસોને સંદિગ્ન રીતે સૂચિબદ્ધ કરવાના કાર્યને અટકાવવા અને કર્મચારીઓ-વકીલો પર નજર રાખવાની કામગીરી આ ઓફિસરો કરશે.

### સોનિયા ગાંધી-રાજ ઠાકરે વચ્ચે મુલાકાત

લોકસભા ચૂંટણીમાં હાર બાદ કોંગ્રેસના સર્વોચ્ચ નેતા સોનિયા ગાંધીએ ઓક્ટોબરમાં યોજાનાર વિધાનસભા ચૂંટણીઓ માટેની તૈયારીઓ જાતે શરૂ કરી દીધી છે. આ બાબતે તેઓએ મહારાષ્ટ્રમાં મનસેના નેતા રાજ ઠાકરે સાથે મુલાકાત યોજી હતી. આ મુલાકાતમાં મહારાષ્ટ્રની રાજનીતિ વિશે ચર્ચા થઈ હતી.

### ઈરાને અમેરિકાને ચેતવણી આપી

વિશ્વ મહાસત્તાઓ સાથે ૨૦૧૫માં પરમાણુ કરાર તુટતા હવે ઈરાને અમેરિકાને ચેતવણી આપતા કહ્યુ છે કે તેઓ યુરેનિયમ સંવર્ધનના સ્તરને વધારવા માટે તૈયાર છે. યુરેનિયમ સંવર્ધનની કોઈ સીમા અને માત્રા નહી હોય.

### દિલ્હીની પાંચ હોસ્પિટલોમાં હડતાલ

દિલ્હીની મૌલાના આઝાદ મેડીકલ કોલેજના ડૉક્ટરોએ ડૉક્ટર સાથે થયેલી મારપીટના વિરોધમાં હડતાલ પાડી દીધી છે. અન્ય ચાર હોસ્પિટલોએ તેનો સમર્થન આપી હડતાલમાં જોડાવવાનું એલાન કર્યું છે.

# ઉત્તરપ્રદેશમા ગમખ્વાર અકસ્માત

**યમુના એક્સપ્રેસ વે પર સવારમાં અકસ્માત સર્જાતા ૨૯થી વધુ યાત્રીઓના મોત : લખનૌથી દિલ્હી જતી ડબલ ડેકર રોડવેઝની બસ એક્સપ્રેસ વે ઉપરથી ૩૦ ફુટ ઉંડા નાળામાં ખાબકી ગઇ : ડ્રાઇવરને ઝપકી આવી જતા અકસ્માત થયો : ઉ.પ્રદેશ સરકારે પાંચ-પાંચ લાખ વળતરની જાહેરાત કરી,વડાપ્રધાન મોદીએ ટ્વિટ કરી દુઃખ વ્યક્ત કર્યું**



આગરા,તા. ૮

ઉત્તરપ્રદેશના આગરાના યમુના એક્સપ્રેસ વે પર આજે સવારે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ઓછામાં ઓછા ૨૯ પ્રવાસીઓના મોત થઇ ગયા હતા અને અનેક ઘાયલ થયા હતા. ઉત્તરપ્રદેશમાં હાલના વર્ષોની આને સૌથી મોટી દુર્ઘટના તરીકે ગણવામાં આવે છે. લખનૌથી દિલ્હી તરફ જતી એક ડબલ ડેકર રોડવેઝ બસ યમુના એક્સપ્રેસ વે પરથી ૩૦ ફુટ ઉંડા નાળામાં પડી જતા આ દુર્ઘટના થઇ હતી. આ દુર્ઘટનામાં ઓછામાં ઓછા ૨૯ લોકોના મોત થઇ ગયા છે. જેમાં બાળકો અને મહિલાઓ પણ સામેલ છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યુ છે કે ડ્રાઇવરને ઝપકી આવી જતા આ ભીષણ દુર્ઘટના સર્જાઇ હતી. બચાવ અને રાહત કામગીરી તરત જ હાથ ધરવામાં આવી હતી. જો કે દુર્ઘટનાના વાસ્તવિક કારણમાં તપાસ ચાલી રહી છે. ડીએમ એનજી રવિ કુમારે કહ્યુ છે કે ડ્રાઇવરને બસ ચલાવતી વેળા ઉંઘ માટે ઝોંકો આવી જતા આ દુર્ઘટના થઇ હતી. બીજી બાજુ આ ભીષણ અકસ્માત અંગે ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે દુખ વ્યક્ત કરીને

● અનુસંધાન પાન-૭ પર

# મુંબઇમાં ભારે વરસાદથી પુનઃ જનજીવન ખોરવાયુ

**ઇન્ટરનેશનલ ફ્લાઇટોને પણ માઠી અસર : કેટલીક ફ્લાઇટને ડાયવર્ટ કરવાની ફરજ પડતા પરેશાની નીચાણવાળા વિસ્તારો ફરી વખત જળબંબાકાર થઇ ગયા**



મુંબઇ, તા. ૮

દેશના વાણિજ્ય પાટનગર મુંબઇ સહિત મહારાષ્ટ્રમાં ભારે વરસાદના કારણે આજે ફરી એકવાર હાલત કફોડી બનેલી છે. અતિ ભારે વરસાદના કારણે ફરી એકવાર જનજીવન સંપૂર્ણપણે ખોરવાયુ ગયુ છે. આંતરરાષ્ટ્રીય સેવા પણ ખોરવાઇ ગઇ છે. ચર્ચગેટ, બાન્દ્રા અને મીરા રોડ ખાતે સૌથી વધારે વરસાદ થયો છે. વરસાદના કારણે અંધેરી સબ બે અને સાકીનાકા ખાતે મેટ્રો સ્ટેશન પર પાણી ભરાઇ ગયા છે. મુંબઇમાં હાલમાં છેલ્લા કેટલાક દશકોમાં સૌથી વધારે વરસાદ થયો છે. પુણે અને મુંબઇમાં ભારે વરસાદ વચ્ચે દિવાળ ધસી પડવાની જુદી જુદી ઘટનામાં ૨૫થી વધુ લોકોના મોત થયા હતા. અને અનેક લોકો ઘ થયા હતા. આજે ભારે વરસાદના કારણે અનેક વિસ્તારમાં પાણી ભરાઇ ગયા છે.ભારે વરસાદના કારણે તંત્ર દ્વારા સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. મુંબઇ એરપોર્ટ ખાતેથી અનેક ફલાઇટ ડાયવર્ટ કરવામાં આવી છે.

# ‘કર-નાટક’નો અંક ત્રીજો : દૃશ્ય પહેલું

**કોંગ્રેસના ૨૧, જેડીએસના ૧૧ મંત્રીઓએ રાજીનામા આપ્યા**
**કર્ણાટકના અપક્ષ ધારાસભ્ય નાગેશનું મંત્રીપદથી રાજીનામું**



બેંગલોર,તા. ૮

કર્ણાટકમાં સંકટમાં મુકાયેલી સરકાર હવે લઘુમતિમાં આવી ગઈ છે. જેડીએસ અને કોંગ્રેસના ૧૩ ધારાસભ્યોના રાજીનામા બાદ હવે એક અપક્ષ ધારાસભ્યે રાજીનામુ આપી દેતા મુખ્યપ્રધાન કુમારસ્વામીના નેતૃત્વમાં સરકાર પર ખતરો વધારે વધી ગયો છે. સરકાર હવે લઘુમતિમાં આવી ગઈ છે. ૧૩ ધારાસભ્યોના રાજીનામા બાદ હવે અપક્ષ ધારાસભ્ય નાગેશે પણ સરકારને તેમનુ સમર્થન પરત લઇ લીધુ છે. આની સાથે જ શનિવારથી લઈને હજુ સુધી કોંગ્રેસ-જેડીએસ સરકાર પાસેથી ૧૪ ધારાસભ્ય ઓછા થઈ ગયા છે. ગૃહમાં તેમની સભ્યોની સંખ્યા

● અનુસંધાન પાન-૭ પર

# આજે ભારત-ન્યુઝીલેન્ડ વચ્ચે સેમીફાઈનલ

**આજે માન્ચેસ્ટરમાં પ્રથમ હાઇ વોલ્ટેજ સેમિફાઇનલ મેચ રમાશે : વરસાદ વિલન નહીં બને તો દિલધડક વનડે જંગ ખેલાશે : કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમ હોટ ફેવરીટ : કરોડો ક્રિકેટ ચાહકો મેચને લઇને ભારે ઉત્સુક**




માન્ચેસ્ટર,તા. ૮

માન્ચેસ્ટરના ઐતિહાસિક મેદાન ખાતે આવતીકાલે આઈસીસી વર્લ્ડ કપની પ્રથમ સેમીફાઈનલમાં ભારતીય ટીમ ન્યુઝીલેન્ડની સામે ટકરાશે. આ મેચ ફાઈટ ટુ ફિનિશ તરીકે રહે તેવી શક્યતા છે. મેચને લઈને કરોડો ચાહકો ભારે ઉત્સુક છે. ભારત પોતાની છેલ્લી મેચમાં શ્રીલંકાને હાર આપ્યા બાદ પોઈન્ટ ટેબલમાં પ્રથમ સ્થાને પહોંચી ગયું છે અને તે પોઈન્ટ ટેબલમાં ચોથા નંબર પર રહેલી ન્યુઝીલેન્ડની ટીમ સામે આવતીકાલે ટકરાશે.ભારત અને ન્યુઝીલેન્ડની ટીમો વર્તમાન વર્લ્ડ કપમાં લીગ તબક્કામાં વરસાદ પડી જવાના કારણે આમને સામને આવી શકી ન હતી. વરસાદના કારણે આ મેચ ધોવાઈ ગઈ હતી. જેથી બંને ટીમોની કસોટી થનાર છે. સેમિફાઈનલની વાત કરવામાં આવે તો ઈતિહાસ ભારતીય ટીમની સાથે દેખાય છે. વિશ્વકપના ઈતિહાસની વાત કરવામાં આવે તો ભારતે હજુ સુધી સાત સેમિફાઈનલ મેચો રમી છે જે પૈકી ચારમાં જીત મેળવી છે જ્યારે ન્યુઝીલેન્ડે આઠ સેમિફાઈનલ મેચો રમી છે જેમાં એકમાં તેની જીત થઈ છે. જેથી ન્યુઝીલેન્ડને સેમિફાઈનલ માટેના ચોકર્સ તરીકે ગણવામાં આવે છે. ભારતીય ટીમ સાત વખત સેમિફાઈનલમાં પહોંચી છે જે પૈકી ત્રણ વખત જીત મળી છે.

# કર્ણાટકનો મામલો સંસદમાં ગાજ્યો

**કોંગીનો ભાજપ પર લોકતંત્રની હત્યાનો આરોપ : કોંગ્રેસમાં રાજીનામાનો સિલસિલો રાહુલ ગાંધીએ શરૂ કર્યો હતો તેમાં ભાજપાને કોઇ લેવા દેવા નથી : રાજનાથ**

નવી દિલ્હી, તા. ૮

કર્ણાટકમાં એચડી કુમારસ્વામી સરકાર પર સંકટનો મુદ્દો આજે લોકસભામાં પણ ઉઠ્યો હતો. સદનમાં કોંગ્રેસના નેતા અધિર રંજન ચૌધરીએ ભાજપ પર રાજ્ય સરકારને અસ્થિર કરવાનો આક્ષેપ લગાવ્યો હતો. જવાબમાં કેન્દ્રીય સંરક્ષણમંત્રી રાજનાથસિંહે કહ્યું હતું કે, કર્ણાટકમાં જે કઇ થઇ રહ્યું છે તેમાં તેમની પાર્ટીનો કોઈ હાથ નથી. રાજનાથસિંહે કોંગ્રેસ ધારાસભ્યોના રાજીનામાના બહાને રાહુલ ગાંધી પર આક્ષેપ કરતા કહ્યું હતું કે, રાજીનામાની શરૉઆત તો રાહુલ ગાંધીએ જ કરી હતી. લોકસભામાં ચૌધરીએ કર્ણાટકના મુદ્દાને ઉઠાવતા કહ્યું હતું કે, આ સમગ્ર ઘટનાક્રમ પાછળ ભાજપનો હાથ છે. તેમણે કહ્યું કે ભાજપ લોકતંત્રની હત્યા કરી રહ્યો છે. ચૌધરીએ કહ્યું હતું કે, એમપી, કર્ણાટક જ્યાં અમારી સરકાર છે ત્યાં સરકાર તોડવા માટે તેઓ પક્ષ પલટાની હરકત કરાવી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર




# બાલાકોટ હવાઈ હુમલા બાદ ત્રાસવાદી ભયભીત

**પાક સરકારના દબાણ હેઠળ કઠોર કાર્યવાહી : આતંકવાદી લીડર હાફિઝ સઇદ અને મસુદ અઝહર દ્વારા અફગાન બોર્ડર નજીક બેઝકેમ્પ શિફ્ટ કરવાની કવાયત**

કાબુલ, તા. ૮

ભારતીય હવાઈ દળ દ્વારા બાલાકોટમાં ઘુસીને કરવામાં આવેલા હવાઈ હુમલા બાદ આતંકવાદીઓમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. પાકિસ્તાનમાં બેસીને આતંકવાદીઓની નર્સરી તૈયાર કરનાર જૈશે મોહમ્મદ અને લશ્કરે તોઈબા જેવા સંગઠન હવે ભારતીય બોર્ડરથી પોતાના બેઝકેમ્પ શિફ્ટ કરી રહ્યા છે. આ આતંકવાદી સંગઠનોએ અફઘાનિસ્તાનના આતંકવાદી સંગઠનો સાથે હવે હાથ મિલાવી લીધા છે. આ અંગે મળતી માહિતી મુજબ મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ હાફિઝ સઈદના સંગઠન લશ્કરે તોઈબા અને પુલવામા હુમલાના માસ્ટરમાઈન્ડ મસૂદ અઝહરના સંગઠન જૈશે અફઘાનિસ્તાનના હક્કાની નેટવર્ક અને અફગાન તાલિબાન સાથે મિત્રતા કરી લીધી છે.

● અનુસંધાન પાન-૭ પર

કચ્છની પ્રખ્યાત
ખારેક
ખેડૂતો દ્વારા સીધુ વેચાણ
કૃષિભવન, સેક્ટર-૧૦, પાછળના ગેટે, ગાંધીનગર

R K VACATIONS PVT. LTD.
બેંગકોક પટાયા
રીર્ટન એર ટીકીટ, 3*હોટલ સ્ટે, બ્રેકફાસ્ટ, ડિનર, એરપોર્ટ ટ્રાન્સફર, કોરલ આઈલેન્ડ
5N- 6D 27999₹
ગોવા
રીર્ટન એર ટીકીટ, ૪*હોટલ સ્ટે, બ્રેકફાસ્ટ, ડિનર, એરપોર્ટ ટ્રાન્સફર, સાઈટ સીઈંગ
3N- 4D 14999₹
5000 રૂા. નું ગીફ્ટ વાઉચર દરેક પેકેજ પર પ્રતિ વ્યકિત
+91 79 61 61 35 35 - 40 40 35 35

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

જોઈએ છે
શ્રી જે.એમ.ચૌધરી સાર્વ.કન્યા વિદ્યાલય ના ડી.એલ.એસ.એસ.માટે ગ્રાઉન્ડમેન
ધો.૧૦ પાસ તેમજ રમતગમતમાં ઓછામાં ઓછુ રાજ્ય કક્ષા સુધી રમેલ હોવા જોઈએ
યોગ્ય લાયકાત વાળા ઉમેદવારોએ અસલ પ્રમાણપત્રો/ઝેરોક્ષ નકલ તેમજ પાસપોર્ટ સાઈઝ ફોટા સાથે નીચેના સ્થળે હાજર રહેવું.
તા.૧૧-૭-૨૦૧૯ ને ગુરૂવાર, સમય : સવારે ૧૦.૦૦ કલાકે
સંપર્ક : મો.૯૮૨૪૭ ૭૨૧૭૧
સ્થળ : શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ
માતૃશ્રી જોઈતીબા મહિલા કોલેજ કેમ્પસ સેક્ટર-૭, ગાંધીનગર.

Admission Open (2019-20)
KAMESHWAR Science College : B.Sc.
KAMESHWAR BCA College : B.C.A.
Affiliated to Gujarat University
Hostel Facility Available
Kameshwar Education Campus
Opp. Aashka hospital, Near Sargasan Chowkdi, Gandhinagar
Contact: 99251 70363 • 99251 70368

Rotary
રોટરી ક્લબ ઓફ ગાંધીનગર (RI District 3054)
કડી સર્વ વિશ્વ વિદ્યાલય, ગાંધીનગર
આયોજિત
જાહેર પ્રવચન
કેન્દ્રીય અંદાજપત્ર-૨૦૧૯ની સમીક્ષા તથા અર્થતંત્ર ઉપર તેની અસર અંગેનું માર્ગદર્શન
છેલ્લા ૧૬ વર્ષથી રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા યોજાતા આ જાહેર પ્રવચનમાં સહુને ભાવભર્યું નિમંત્રણ છે.
તારીખ: ૯ જુલાઈ, ૨૦૧૯ મંગળવાર
સમય: સાંજે ૬.૦૦ થી ૮.૦૦
સ્થળ: શેઠ શ્રી ખિમજી વિશ્રામ હોલ, કડી કેમ્પસ, સેક્ટર-૨૩, ગાંધીનગર
ખાસ નોંધ : સાજે ૫.૪૫ સુધીમાં આપની બેઠક લઈ લેવા નમ્ર અનુરોધ છે
વક્તા
શ્રી મુકેશ એમ. પટેલ
ખ્યાતનામ એડવોકેટ અને ટેક્ષ કન્સલટન્ટ
Program Supported By
KALPA-TARU Power Transmission Limited

